## ઉચ્ચતર માધ્યમિકની પરિક્ષા આપેલા વિદ્યાર્થીઓ જોડાશે

# ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક દ્વારા કારકિર્દી માર્ગદર્શન પર વર્કશોપ

**ઉચ્ચતર** માધ્યમિક પરીક્ષા બાદ યુનિ.માં અભ્યાસક્રમ સહિત કારકિર્દીની વિવિધ તકો વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાશે

(પ્રતિનિધી) વડોદરા, તા. 27

ગુજરાત બોર્ડ તેમજ કેન્દ્રીય બોર્ડ દકાર લેવામાં આવેલ ધીરણ 12ની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવશે. ત્યારે ધોરણ 12 પછી એમ.એસ.યુનિ. માં ચાલી રહેલા અસક્રમની માહિતી આપવા માટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ સોશિયલ વર્કદ્વાર અન્ય ફેકલ્ટીના સહયોગથી આજે ઉચ્ચતર માધ્યમિક પાસ કરનાર વિધાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.



કોરોના કાળને પગલે બે વર્ષથી યુનિ યુનિવર્સીટી દ્વારા યુનિ.માં કારકિર્દી વિષયક માહિતી આપવા માટેના કાર્યક્રમો યોજાઈ શક્યા ન હતા. ત્યારે હવે પરિણામ આવતા પહેલા વિધાર્થીઓ અને વાલીઓને યુનિ.માં ચાલતા અભ્યાસક્રમો ની માહિતી આપવા માટે ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક દ્વારા તમામ ઉમેદવારોને સોશિયલ વર્ક ફેકલ્ટી, કોમર્સ ફેકલ્ટી દ્વારા ઓફર કરવામાં આવતા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતગાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિ.ની આર્ટસ ફેકલ્ટી, સાયન્સ ફેકલ્ટી. ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સ. જર્નાલિઝમ ફેકલ્ટી. ફાઈન આર્ટ ફેકલ્ટી અને કાયદા ફેકલ્ટીમાં ચાલતા વિવિધ કારકિર્દી વિષયક અભ્યાસક્રમો સહિત કારકિર્દીની વિવિધ તકો વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. વર્કશોપ કોઈપણ સ્ટ્રીમમાંથી ઉચ્ચતર માધ્યમિક પરીક્ષામાંથી પાસ આઉટ થયેલા તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.